**સેશન્સ કેસ નં.–૦૭/૨૦૨૫**

**આંક–૨૫ લગત હુકમ**

(૧) અરજી વંચાણે લીધી. સાંભળ્યા.

(૨) સદર કામમાં અરજદાર / આરોપી માવરીયા ભોથાભાઈ રામજીભાઈના વારસ તેમના પુત્ર જગદીશભાઈ ભોથાભાઈ માવરીયા દવારા તા.૩૦/૦૮/૨૦૨૫ ના રોજ હાલની અરજી આપવામાં આવેલી અને અરજીમાં જણાવેલ છે કે, તેઓના પિતા ઉપર બી.એન.એસ.ની કલમ – ૧૦૯ વિગેરે મુજબનો ગુનો મહુવા તાલુકાના મોટા ખુંટવડા પો.સ્ટે. પાર્ટ–એ ગુ. ર. નં.– ૧૧૧૯૮૦૩૦૨૫૦૦૦૨/૨૦૨૫ થી દાખલ થયેલ અને ચાર્જશીટ થઈ જતા સેશન્સ કેસ નં.–૭/૨૦૨૫ થી કેસ અત્રેની કોર્ટમાં ચાલે છે અને હાલ પુરાવાના સ્ટેજ પર છે અને તેઓના પિતાનો બચાવ કરવા માટે સરકાર તરફથી લીગલ એઈડમાં વકીલની નિમણુક કરેલ છે. પરંતુ તેઓના પિતાશ્રીને માનસીક બિમારી હોય અને સને–૨૦૦૪ માં ભાવનગર માનસીક રોગના ડોકટરશ્રી કમલેશભાઈ શાહ પાસે બતાવેલ હોય અને તેઓના પિતાની માનસીક રોગની સારવાર કરાવેલી હોય અને ત્યારબાદ સને–૨૦૦૯ માં ફરી વખત રાજકોટ મુકામે ડો.ભાવેશ કોટાક માનસીક રોગના નિષ્ણાંત પાસે સારવાર કરાવેલી હોય અને બંને વખત સારવાર કરાવેલ તેના પેપર્સ સને–૨૦૨૦ માં વાવાઝોડુ આવવાથી નાશ પામેલ હોય અને હાલ તેઓના પિતાની માનસીક સ્થિતી સારી ન હોય તેથી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ – ૩૬૭ મુજબ તેને માનસીક રોગના નિષ્ણાંત પાસે મોકલી તેનો અભિપ્રાય મેળવવા અરજ કરેલી.

(૩) તે અરજી સંદર્ભે અત્રેની કોર્ટ દવારા તા.૩૦/૦૮/૨૦૨૫ ના રોજ આરોપીની પુછપરછ કરતા આરોપી યોગ્ય સમજણ ધરાવતા નહી હોવાનું ફલીત થતુ હોય તેમજ અત્રેની કોર્ટ દવારા પુછવામાં આવેલ પ્રશ્નોનો કોઈ તાત્કાલીક જવાબ પણ આપી શકતા ન હોય તેવા સંજોગોમાં આગળની ઈસ્સાફી કાર્યવાહી મોકુફ રાખવામાં આવેલ અને આરોપીની સિવિલ સર્જન ઓફ ડીસ્ટ્રીકટ મારફતે તપાસ કરાવવાનો આદેશ કરવામાં આવેલ.

(૪) આમ, અત્રેની કોર્ટના હુકમ મુજબ પોલીસ સ્ટેશન દવારા અરજદાર / આરોપીની સર ટી હોસ્પિટલ, ભાવનગર ખાતે મેડીકલ તપાસ કરાવવામાં આવેલી અને મેડીકલ ઓફીસરે આંક–૨૮ થી તેમનો રીપોર્ટ રજુ કરેલ છે. જે રીપોર્ટ વંચાણે લેતા આરોપી માવરીયા ભોથાભાઈ રામજીભાઈનાઓ SCHIZOPHRENIA થી પીડાતા હોવાનું અને તેમને રેગ્યુલર ટ્રીટમેન્ટની જરૂરીયાત હોવાનો અભિપ્રાય આપેલ છે. જેથી ઉપરોકત અભિપ્રાય ધ્યાને લેતા આરોપી પોતાનો બચાવ કરવા સક્ષમ નહી હોવાનું ફલીત થતુ હોય, કાયદાના પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંત મુજબ જયાં સુધી આરોપી માનસીક

રીતે સ્વસ્થ થાય નહી ત્યાં સુધી તેની સામેની ઈન્સાફી કાર્યવાહી સ્થગીત રાખવામાં આવતી હોય છે. જેથી ઉપરોકત કાયદાકીય પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંત ધ્યાને લેતા હાલના આરોપી પણ જયાં સુધી સંપુર્ણપણે માનસીક રીતે સ્વસ્થ ન થાય ત્યાં સુધી તેમની સામેની ઈન્સાફી કાર્યવાહી મોકુફ રાખવી ન્યાયોચીત જણાય આવતી હોય, સાથે સાથે આરોપીને નિયમીત સારવાર માટેની સુચના પણ આપવી ન્યાયોચીત જણાય આવતુ હોય, તેમજ અરજદાર / આરોપી જામીન મુકત હોય, તેમજ તેમના જામીન તરીકે તેમના પુત્ર રહેલ હોય, અરજદાર / આરોપીની સારવાર પુર્ણ ન થાય ત્યાં સુધી તેમના પુત્ર જગદીશભાઈ ભોથાભાઈ માવરીયાના દેખરેખ હેઠળ રાખવા પણ ન્યાયોચીત જણાય આવતુ હોય, ન્યાયના વિશાળ હીતમાં હાલની અરજી અન્વયે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

- આરોપી માવરીયા ભોથાભાઈ રામજીભાઈનાઓ સંપુર્ણ માનસીક રીતે સ્વસ્થ ન થાય ત્યાં સુધી હાલના કામની ઈન્સાફી કાર્યવાહી મોકુફ રાખવાનો હુકમ કરવામાં આવે છે.
- સિવિલ સર્જન, ભાવનગરનાઓને આથી આદેશ કરવામાં આવે છે કે, તેઓએ આરોપી માવરીયા ભોથાભાઈ રામજીભાઈની રેગ્યુલર ટ્રીટમેન્ટ કરવી અને જયારે આરોપી માનસીક સ્વસ્થતા પ્રાપ્ત કરે તે સમયે તે અંગેનો અત્રેની કચેરીને રીપોર્ટ કરવો.
- આરોપી માનસીક સ્વસ્થ થાય ત્યાં સુધી આરોપીને તેમના પુત્ર જગદીશભાઈ ભોથાભાઈ માવરીયાની સંભાળમાં રાખવાનો હુકમ કરવામાં આવે છે. તેમજ મોટા ખુંટવડા પોલીસ સ્ટેશનના પોલીસ અધિકારીએ આરોપી નિયમીત સારવાર માટે સર ટી હોસ્પિટલ, ભાવનગર ખાતે હાજર રહે તે માટે તકેદારી રાખવી.
- હુકમની અમલવારી માટે આ હુકમની એક નકલ સર ટી હોસ્પિટલ, ભાવનગર અને એક નકલ સંબંધીત પોલીસ સ્ટેશનમાં મોકલી આપવી.

આજરોજ તા : ૦૧'લી, માહે : નવેમ્બર, સને : ૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કરવામાં આવ્યો.

મહુવા
તા.૦૧–૧૧–૨૦૨૫.

**(અતુલકુમાર એસ. પાટીલ)**
**બીજા એડીશ્નલ સેશન્સ જજ,**
**ભાવનગર એટ મહુવા.**
**કોડ નં.–જીજે ૦૦૮૩૬**